૨(૫)(૧)

સુડા બોર્ડ બેઠક નં.૧૩૫.
તા. ૨૧-૧૦-૨૦૦૦ (47)

કામ નંબર :: ૧૨

મોજે કોસાડ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭(કોસાડ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ સદરહુ યોજનાનો ઈરાદો જાહેર કરવા બાબત.

નોંધ ::

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) વિસ્તારમાં સ્થિત થયેલ મોજે કોસાડ ગામનો વિસ્તાર સુરત મહાનગરપાલિકાના કતારગામ નજીક આવેલ છે. જેમાં સત્તામંડળ દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના કામે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈઓ અનુસાર મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્યને મોકલી તા. ૮/૮/૨૦૦૦ ના પત્રનં.સુડા/ટીપી સ્કીમનં.૨૭(કોસાડ)/સુ.૭/૭૭૦૭ થી સદરહુ નગર રચના યોજનાની હદને અનુમતિ આપવા પરામર્શ અર્થે નકશાસહ પાઠવવામાં આવેલ. (નકલ સામેલ છે.) જેના અનુસંધાને મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્યના તા. ૧૯/૮/૨૦૦૦ ના પત્રનં.નરયો/સુરતનં.૨૭(કોસાડ)/સુડા/દગુ/૫૭૦૪ થી (નકલ સામેલ છે.) સદરહુ સ્કીમના હદ વિસ્તારને સામેલ નકશામાં દર્શાવ્યા મુજબની અનુમતિ આપેલ છે. જેની વિગતો ધ્યાને લઈને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ ઉક્ત યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવાનું વિચારેલ છે. આ વિસ્તારને સત્તામંડળની મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો મુજબ રહેણાંક ઝોનમાં સૂચવેલ છે. તથા તેનો અંદાજીત વિસ્તાર આશરે ૭૫ હેક્ટર થાય છે તથા માપણીની કામગીરી ચાલુ છે.

ઉપરોક્ત સઘળી વિગતો લક્ષે લઈ મુખ્ય નગર નિયોજકશ્રીના થઈ આવેલ પરામર્શ અનુમતિ પ્રમાણે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (કોસાડ) તૈયાર કરવા અંગે હદ વિસ્તાર નક્કી કરવા તથા સદરહુ સ્કીમનો ઈરાદો જાહેર કરી પ્રસિધ્ધ કરવાના કામે ચર્ચા વિચારણા કરી નિર્ણય અર્થે બોર્ડ સમક્ષ રજુ રાખેલ છે.

( ટેકનીકલ શાખા)

<u>કામ નંબર</u> :: ૧૨

૨(૧)(૨)

મોજે કોસાડ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૩(કોસાડ) તૈયાર કરવા અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ સદરહુ યોજનાનો ઈરાદો જાહેર કરવા બાબત.

<u>નોંધ</u> ::

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) વિસ્તારમાં સ્થિત થયેલ મોજે કોસાડ ગામનો વિસ્તાર સુરત મહાનગરપાલિકાના કતારગામ નજીક આવેલ છે. જેમાં સત્તામંડળ દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાના કામે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈઓ અનુસાર મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્યને અત્રેના તા. ૪/૮/૨૦૦૦ ના પત્ર નં.સુડા/ટીપીસ્કીમ નં.૨૭(કોસાડ)/યુ.ડ/૭૭૦૭ થી સદરહુ નગર રચના યોજનાની હદને અનુમતિ આપવા પરામર્શ અર્થે નકશાસહ પાઠવવામાં આવેલ. (નકલ સામેલ છે.) જેના અનુસંધાને મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્યના તા. ૧૯/૮/૨૦૦૦ ના પત્ર નં.નરયો/સુરત/નં.૨૭(કોસાડ)/સુડા/દગુ/૫૭૦૪ થી (નકલ સામેલ છે.) સદરહુ સ્કીમના હદ વિસ્તારને સામેલ નકશામાં દર્શાવ્યા મુજબની અનુમતિ આપેલ છે. જેની વિગતો ધ્યાને લઈને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ ઉકત યોજનાનો ઈરાદો પ્રસિધ્ધ કરવાનું વિચારેલ છે. આ વિસ્તારને સત્તામંડળની મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો મુજબ રહેણાંક ઝોનમાં સુચવેલ છે. તથા તેનો અંદાજીત વિસ્તાર આશરે ૭૫ હેકટર થાય છે તથા માપણીની કામગીરી ચાલુ છે.

ઉપરોકત સઘળી વિગતો લક્ષે લઈ મુખ્ય નગર નિયોજકશ્રીના થઈ આવેલ પરામર્શ અનુમતિ પ્રમાણે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૭ (કોસાડ) તૈયાર કરવા અંગે હદ વિસ્તાર નકકી કરવા તથા સદરહુ સ્કીમનો ઈરાદો જાહેર કરી પ્રસિધ્ધ કરવાના કામે ચર્ચા વિચારણા કરી નિર્ણય અર્થે બોર્ડ સમક્ષ રજુ રાખેલ છે.

( ટેકનીકલ શાખા )